०८-१२-२०२२ प्रातःमोरली ओम् शांति "बापदादा" मधुबन

**"મીઠાં બાળકો - તમે રુહાની આશિક છો - એક માશુક પરમાત્મા નાં, તમારે એક ને જ દિલ થી યાદ કરવાનાં છે, દિલ ની પ્રીત એક બાપ સાથે રાખવાની છે"**

**પ્રશ્ન :-** મહાવીર બાળકોની સ્થિતિ અને પુરુષાર્થ શું હશે-એમની નિશાની સંભળાવો?

**ઉત્તર :-** તેઓ યોગ થી આત્માને પવિત્ર (સતોપ્રધાન) બનાવવાનો પુરુષાર્થ કરતા રહેશે. એમને બાકી કોઈ પણ વાત ની પરવાહ (ચિંતા) નહીં હશે. એમની બુદ્ધિમાં રહેશે કે હવે જૂની દુનિયા માંથી નવી દુનિયામાં ટ્રાન્સફર (પરિવર્તન) થવાનું છે. તેઓ વિનાશ થી ડરશે નહીં. એમનાં દિલની અંદર રુહાની પ્રેમ ની આગ (લગન) રહેશે. તેઓ પુરુષાર્થ કરતા-કરતા રુદ્રમાળા નાં દાણા બની જશે.

**ગીત :-** ન વહ હમસે જુદા હોંગે...

**ઓમ્ શાંતિ!** આને કહેવાય છે રુહાની પ્રેમ અર્થાત્ રુહો નો રુહાની બાપ ની સાથે પ્રેમ. દુનિયા પણ એ રુહાની બાપને જ યાદ કરે છે કે અમને દુઃખ થી લિબરેટ (મુક્ત) કરો અથવા દુઃખ હરો. હવે દુઃખ હરો ની પાછળ સુખ કરો પણ કહેશે. સુખ છે જ સતયુગ શરુઆત માં તો જરુર કળિયુગ અંત માં દુઃખ હશે. આ વાતો આપ બાળકો સમજો છો. આખી દુનિયા તો નથી જાણતી. તમારામાં પણ થોડા છે. કોટો માં કોઈ કહેવાય છે ને. આ છે રુહાની પ્રેમ આત્માઓનો પરમાત્મા ની સાથે. આખી દુનિયાનાં માશૂક એક જ પરમાત્મા છે. એ સર્વ આત્માઓનાં માશૂક છે, જેમને જ બધાં પોકારે છે. આત્માઓ તો નાનાં-મોટાં નથી હોતાં. હમણાં આપ આત્માઓ ને પ્રેમ થઈ ગયો છે એક પરમપિતા પરમાત્મા ની સાથે. આને રુહાની પ્રેમ કહેવાય છે. દુનિયામાં તે આશિક માશૂક તો શરીરધારી હોય છે. એમનો પરસ્પર પ્રેમ પણ શારીરિક હોય છે. તમારો તો રુહાની પ્રેમ છે. બાપ જ આવીને તમારા દુઃખ હરીને સુખ આપે છે. તમને બહુજ સુખ મળે છે પછી દુઃખ પણ બહુજ મળે છે. બાપ કહે છે-હે બાળકો, હવે તમારો પ્રેમ મારી સાથે થયો છે કારણ કે તમે જાણો છો બાબા અમને સુખધામ નાં માલિક બનાવવા વાળા છે. મુક્તિ અને જીવનમુક્તિ નાં દાતા છે. બાપ કહે છે તમે રહો પણ ભલે પોત-પોતાનાં ઘર માં, જેવી રીતે શરીરધારી આશિક-માશૂક પણ અલગ-અલગ પોતાનાં ઘરમાં રહે છે, આ પણ એવું છે. હું દૂરદેશ થી આવું છું તમને ભણાવવાં. તમને બોલાવ્યાં છે કે હે પતિત-પાવન આવો, હે દુઃખહર્તા, સુખકર્તા હવે આવો. હકીકત માં આવું તો હું પોતાનાં સમય પર જ છું. એવું નથી તમારી પોકાર પર આવી જાઉં છું. હું આવું ત્યારે છું જ્યારે તમારે કળિયુગ થી સતયુગ માં જવાનું છે અથવા મનુષ્ય થી દેવતા, ભ્રષ્ટાચારી થી શ્રેષ્ઠાચારી બનવાનું છે. તો હવે તમારો બાપની સાથે રુહાની પ્રેમ છે. તમારી અંદર રુહાની પ્રેમ ની આગ લાગેલી છે. જેવી રીતે અજ્ઞાન માં કામ-ક્રોધ ની આગ લાગે છે. હમણાં આપ આત્માઓ ને પ્રેમ થાય છે બાપની સાથે. દુનિયા તો કાંઈ પણ સમજતી નથી. કહી દે છે પરમાત્મા સર્વવ્યાપી છે, નામ રુપ થી ન્યારા છે. એક તરફ કહે છે નામ રુપ થી ન્યારા, બીજી તરફ કહે છે સર્વવ્યાપી છે. તો એમાં મનુષ્ય જાનવર વગેરે બધાં આવી ગયાં.

હવે આપ બાળકો જાણો છો-આત્માઓનાં માશૂક છે પરમાત્મા, એમની સાથે પ્રીત લગાવવાની છે. આ તો જાણો છો કે આપદાઓ (મુસીબત) ખૂબ આવશે. ભિન્ન-ભિન્ન પ્રકાર નાં વિઘ્ન પણ પડશે. વિઘ્ન તો દરેકને પડે છે. આ કોઈ નવી વાત નથી કારણ કે નવી દુનિયાની સ્થાપના માટે બાબા બિલકુલ નવી વાતો સંભળાવી રહ્યાં છે. લખેલું પણ છે બ્રહ્મા દ્વારા સ્થાપના. પરંતુ સ્થાપના અને વિનાશ ની વાત ને કોઈ સમજતું નથી. સ્થાપના કોની?

કહે છે રાજસ્વ અશ્વમેધ જ્ઞાન યજ્ઞ રચ્યો. જરુર યજ્ઞ રચ્યો સ્વરાજ્ય માટે. નર થી નારાયણ અને નારી થી લક્ષ્મી બનવા માટે રાજયોગ શિખવાડે છે. અચ્છા પછી એનું રિઝલ્ટ (પરીણામ) ક્યાં? આ છે નવી વાત તેથી મનુષ્ય મૂંઝાય છે. ગુરુ લોકો તો કોઈ ને મુક્તિ-જીવન મુક્તિ આપી ન શકે. આ બધાં ગપોડા લગાવ્યાં છે કે ફલાણા પાર નિર્વાણ ગયાં અથવા વૈકુંઠવાસી થયાં. બાબાએ સમજાવ્યું છે કે દેલવાડા મંદિર માં ઉપર વૈકુંઠનાં ચિત્ર દેખાડ્યા છે, નીચે તપસ્યા નાં. હવે તમને સમજ મળી છે કે આ ભારત જ વૈકુંઠ હતું. ક્યારે હતું, આ પણ તમે જ જાણો છો. પુજારી લોકો શું જાણે! મનુષ્ય જ કોડી જેવા, મનુષ્ય જ હીરા જેવા બને છે. પહેલા આ વાતો ખ્યાલ માં પણ નહોતી. બાપે બતાવ્યું છે કે પુરુષાર્થ કરી ઊંચ પદ મેળવવાનું છે. જો સારો પુરુષાર્થ કરશો તો નવી રાજધાની માં ઊંચ પદ મેળવશો. સારો પુરુષાર્થ કરશો તો સારું પદ મળશે. તમારા માટે સ્વર્ગ કોઈ દૂર નથી. જેવી રીતે સ્કૂલમાં બાળકો ભણીને પાસ થાય છે તો એક કલાસ માંથી બીજા માં ટ્રાન્સફર થાય છે. તમે પણ ટ્રાન્સફર થાઓ છો જૂની દુનિયા માંથી નવી દુનિયા માં. તમે જાણો છો કે આપણે પુરુષાર્થ કરતા-કરતા જઈને પહેલાં-પહેલાં રુદ્રમાળા નાં દાણા બનીશું. સ્કૂલમાં પણ પાસ થાય છો તો પછી નંબરવાર જઈને બેસે છે. અહીં પણ આપ બાળકો જાણો છો આપણે ભણીએ છીએ પછી આપણે આત્માઓ મૂળવતન માં ચાલ્યા જઈશું. પછી નવી દુનિયામાં આવીશું. અંત માં બધાંને ખબર પડશે. રીઝલ્ટ અંતમાં નીકળશે. જે મહાવીર હશે તે કોઈ પણ વાતની પરવાહ (ચિંતા) નહીં રાખશે. જાણે છે કે વિનાશ તો થવાનો જ છે. ડરવાની વાત જ નથી. ધરતીકંપ તો થવાનો જ છે. તમારે તો જવાનું છે નવી દુનિયામાં. જેમ વિદ્યાર્થી સમજે છે કે અમે બીજા ક્લાસમાં ટ્રાન્સફર થઈશું. હમણાં આપણો આત્મા ભણી રહ્યો છે - પરમપિતા પરમાત્મા પાસે થી. તમે સૃષ્ટિનાં આદિ-મધ્ય-અંત ને જાણી ગયાં છો તમે તમોપ્રધાન થી સતોપ્રધાન બની જશો, ભણવાનું પણ ફાઈનલ (પૂરું) થઈ જશે, પછી આપણે પાસ થઈને બાબાની પાસે પહોંચી જઈશું. આ તો જાણો છો જે કલ્પ પહેલાં થયું છે હવે તે જ થવાનું છે. પુરુષાર્થ તો બાળકોએ દરેક વાતમાં કરવાનો જ છે. આપ બાળકો યોગબળ થી પોતાને પવિત્ર બનાવી રહ્યાં છો. યોગ થી જ આત્માની ખાદ નીકળે છે. આપણે પૂરે-પૂરાં યોગી બનવાનું છે. આપણે અડધાકલ્પ નાં આશિક છીએ. હવે આપણને માશૂક મળ્યાં છે. એ આપણને નવી દુનિયામાં જવા માટે લાયક બનાવી રહ્યાં છે. કર્મ પણ કરવાનાં છે. આ બધુંજ કરતા યાદ એક બાપ ને કરવાનાં છે. તમારી બુદ્ધિમાં છે-યોગ થી આપણે પોતાને પવિત્ર બનાવી રહ્યાં છીએ. યોગ થી આત્માની ખાદ નીકળે છે, આપણે પૂરાં યોગી બનવાનું છે. એમાં જ બહુજ પહેલવાની જોઈએ. આશિક-માશૂક પોતાનાં ધંધાદોરી પણ કરે છે અને માશૂક ને પણ યાદ કરતા રહે છે. તે આશિક-માશૂક વિકાર માટે નથી હોતાં. તેઓ શરીર પર આશિક થાય છે ત્યારે એમનું ગાયન છે. આ છે રુહાની આશિક-માશૂક. તમે અડધોકલ્પ મને પૂરો યાદ કર્યો છે. હમણાં તમને આવીને મળ્યો છું. મનુષ્ય સમજે છે ભગવાન થી (દ્વારા) મુક્તિ મળશે. બાપ કહે છે તમારા માટે મુક્તિ થી જીવનમુક્તિ પણ અટેચ (સાથે) છે. મુક્તિ માં જઈને પછી જીવનમુક્તિ માં જરુર આવશો. માયા નાં બંધન થી છૂટી જાઓ છો, પછી આવો છો સતોપ્રધાન માં. પહેલાં સુખ ની પાછળ દુઃખ નો કાયદો છે. બધાએ સતો-રજો-તમો માં આવવાનું જ છે. હમણાં તમોપ્રધાન જડજડીભૂત અવસ્થા છે ઝાડ ની. હવે એનાંથી જ કલમ લગાવવાની છે. દૈવી ઝાડ ની કલમ લાગી રહી છે. તે લોકો કલમ બનાવે છે ઝાડો વગેરે ની. એની સેરીમની (એનો સમારોહ) કરે છે. તમારી શું સેરીમની થશે? એમની છે જંગલ ની સેરીમની. તમારી છે બહિશ્ત (સ્વર્ગ) ની સેરીમની. તમે કાંટા ને ફૂલ બનાવો છો. આ બધી સંગમ ની વાત છે. હવે પૂરે-પૂરો પુરુષાર્થ કરવાનો છે. નિરંતર યાદ ની જ કોશિશ કરવાની છે. તમને ફાયદો ખૂબ

થશે. સારો વારસો મળશે. બાપની સાથે યોગ અથવા પૂરો પ્રેમ જોઈએ. એનાંથી જ વિકર્મ વિનાશ થાય છે. તમારામાં જે ખાદ પડી છે તે યોગ થી જ નીકળે છે. બધો આધાર છે યાદ કરવા પર. નહીં તો માયા વિકર્મ કરાવી દે છે. બાપ કહે છે જે કાંઇ વિકર્મ કર્યા છે. તે બાપની આગળ રાખી માફી માંગવાની છે. બાપ સન્મુખ આવ્યાં છે તો તોબા ભરી લો (માફી લઈ લો) તમારામાં પણ નંબરવાર છે જે બાપ ને પૂરો પ્રેમ કરે છે. પ્રેમ કરવા વાળા જ બાપની સલાહ પર ચાલતા હશે. આપ સર્વ સીતાઓનાં રામ એક જ બાપ છે. તમે તો સમજી ગયાં છો હવે બીજાઓને સમજાવવાનું છે. બાકી ભક્તિ તો એક પ્રકારની દુકાનદારી છે. એ કરતા-કરતા જ મરી જશે. લડાઈઓ લાગશે, વિનાશ થશે. પછી તો કાંઈ પણ કરી નહીં શકશે. ભક્તિ માર્ગ પણ એમ જ ખતમ થઈ જશે. હમણાં આપ બાળકો બાપ પાસે થી વારસો લઈ રહ્યાં છો. બાપ કહે છે કે બાળકો ભૂલો નહીં. તમે સૌથી વધારે લવલી (પ્યારા) છો. તમને જ સૌથી ઊંચુ પદ મળે છે. નહીં ભણશો તો પદ પણ નહીં મેળવશો.
બાબા કહે છે જે કાંઇ બિમારી વગેરે થાય છે આ તમારા જ કર્મોનો હિસાબ-કિતાબ છે. તમારે તો ભણવાનું અને ભણાવવાનું છે. આ રાજધાની સ્થાપન થઈ રહી છે. એમાં ગરીબ, સાહૂકાર, પ્રજા, નોકર, ચાકર વગેરે બધાં બનવાનાં છે. જે બાદશાહ બને છે જરુર એમણે સારા કર્મ કર્યા છે. શ્રીમત પર ચાલે છે ત્યારે સારું પદ મેળવે છે, ખૂબ ભારે (ઊંચી) સ્કૂલ છે. નંબરવાર પદ છે. કોઈ બેરિસ્ટર (વકીલ) લાખ રૂપિયા કમાય છે, કોઈ બેરિસ્ટર ૫૦૦ પણ નથી કમાતાં. કહેશે તકદીર. ભણતર પૂરું નથી ભણી શકતાં તો કહેશે ડ્રામા અનુસાર એની તકદીર એવી છે. ભણતર નાં અનુસાર જ પદ મેળવશે. આગળ ચાલીને તમને પૂરે-પૂરો સાક્ષાત્કાર થતો રહેશે. કહેશે તમારા ઉપર આટલી મહેનત કરી પછી તમે ભણ્યા નહીં. હવે તો સજા ખાવી પડશે. જન્મ-જન્માંતર ની સજાઓનો સાક્ષાત્કાર થાય છે. કર્માતીત અવસ્થા માં જવું છે તો અંતમાં બધાં સાક્ષાત્કાર કરતા રહેશો. એવું-એવું કર્યુ છે, એની આ-આ સજા છે. સજાઓનો પણ સાક્ષાત્કાર કરાવે છે. હમણાં તમે જાણો છો આપણે આત્માઓ બાળકો છીએ. ભક્તિમાર્ગ માં આ માશૂક નાં આશિક હતાં. હવે તો તે મળી ગયાં છે. આ માશૂક થી શું મળે છે? ઓહો! એ આપણને સ્વર્ગ નાં માલિક બનાવે છે. તમે હવે બાપ અને વારસા ને જાણી ગયાં છો, તેથી બાપ સમજાવે છે કોઈ પણ મળે તો સમજાવો-તમારે બે બાપ છે-એક હદ નાં, બીજા બેહદનાં. બેહદનાં બાપ પાસે થી ૨૧ પેઢી સુખનો વારસો મળે છે. રાવણનાં રાજ્ય માં દુઃખ જ દુઃખ છે તેથી બાબાને યાદ કરે છે- હે દુઃખહર્તા સુખકર્તા આવો. કેટલી સહજ વાત છે. ફક્ત બ્રહ્મા નું મુખ જોઈ મનુષ્યો નું માથું ખરાબ થઈ જાય છે. પ્રજાપિતા બ્રહ્મા કોઈ તો હશે ને. નહીં તો ક્યાંથી લાવશે. બી.કે. નું પ્રુફ આપશે. અમે બી.કે. બાપ ની પાસે બેઠા છીએ. આ મનુષ્ય સૃષ્ટિ રુપી ઝાડ છે તો પ્રજાપિતા બ્રહ્મા પણ અહીં જ હશે.
બાપ કહે છે - માયા તમારી સાથે ખૂબ જ લડશે. બાપને યાદ કરવા નહીં દેશે એટલે ખબરદાર રહેજો. માયા તમારું બાપ થી મુખ મોડવાનો (ફિરવવાનો) પુરુષાર્થ કરશે. પરંતુ તમારે મોડવાનું નથી. તમારા પગ છે નર્ક તરફ અને મુખ છે સ્વર્ગ તરફ. હવે વૈકુંઠમાં જવાનું છે. અચ્છા!
મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

**ધારણા માટે મુખ્ય સારઃ-**

૧) ભણતર સારી રીતે ભણી અને ભણાવવાનું છે. સાચ્ચા આશિક બની એક બાપ સાથે રુહાની પ્રેમ રાખવાનો છે. કોઈ પણ વિકર્મ નથી કરવાનાં.

૨) કોઈ પણ વિઘ્ન કે આપદાઓ આવે પરંતુ બાપથી મોઢું નથી મોડવાનું. વિઘ્નો ને પાર કરી પહેલવાન બનવાનું છે.

**વરદાન :- દરેક આત્મા પ્રતિ પ્રેમ ની દૃષ્ટિ, પ્રેમ ની ભાવના રાખવા વાળા બાપ સમાન ભવ**

જેવી રીતે દ્વાપર થી તમે લોકોએ બાપને અનેક ગાળો આપી તો પણ બાપે પ્રેમ કર્યો. તો ફોલો ફાધર કરી બાપ સમાન બનો. કેવી પણ આત્માઓ હોય પરંતુ પોતાની દૃષ્ટિ, પોતાની ભાવના પ્રેમ ની હોય- આને કહેવાય છે સર્વ નાં પ્રિય. કોઈ અપમાન કરે કે ધૃણા બધાનાં પ્રતિ પ્રેમ હોય. ભલે સંબંધી કાંઈ પણ કહે, કાંઈ પણ કરે પરંતુ તમારી ભાવના શુધ્ધ હોય, સર્વ નાં પ્રતિ કલ્યાણ ની હોય-એને કહેવાય છે બાપ સમાન.

**સ્લોગન :-** વિશેષ આત્મા એ છે જે વિશેષતાઓ ને જ જુએ અને એનું જ વર્ણન કરે.